પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૦ | ૩૧ માર્ચ, ૨૦૧૮, શનિવાર ; ચૈત્ર સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**કર્ણાટકમાં કેન્દ્રિય મંત્રી વિરૂદ્ધ નારેબાજી**

બંધારણ પર ટીપ્પણી અને દલિતો પર વિવાદિત નિવેદન આપવાવાળા કેન્દ્રિયમંત્રી અનંતકુમાર હેગડેનો વિરોધ ચાલુ છે. કર્ણાટકમાં અમિત શાહના ભાષણ દરમ્યાન હેગડે વિરૂદ્ધ નારેબાજી થતા તેમનુ ભાષણ રોકવુ પડ્યુ હતુ.

**અમેરિકાનો વિઝા મેળવવુ વધુ મુશ્કેલ**

અમેરિકા તેની વિઝા પોલીસી કડક બનાવી રહ્યુ છે. હવે અમેરિકાએ નવા નિયમો જાહેર કરતા વિઝાની અરજી સાથે ફોન નંબર, ઈમેલ અને સોશિયલ મીડિયાની જાણકારી પણ આપવી પડશે.

**હરિયાણાના કેબીનેટ મંત્રી પર હુમલો**

હરિયાણાના કેબીનેટ મંત્રી અનીલ વિજ પર હુમલો થયો છે. બે યુવકોએ તેમની ગાડી પર પથ્થરમારો કર્યો હતો. જો કે મંત્રીને ઈજાઓ થઈ નથી.

**અમૃતસરમાંથી પાક, જાસૂસ ઝડપાયો**

આઈએસઆઈ પાકિસ્તાનના એક જાસૂસને અમૃતસરમાંથી ઝડપી લેવાયો છે. તેની પાસેથી ભારતીય સેના સાથે જોડાયેલા કેટલાક દસ્તાવેજો પ્રાપ્ત થયા છે.

**મધ્યપ્રદેશમાં સરકારી કર્મીઓ હવે ૬૨ વર્ષે નિવૃત્ત થશે**

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે રાજ્ય સરકારના કર્મચારીઓને મોટી ભેટ આપી છે. રાજ્ય સરકારે રિટાયરમેન્ટની ઉંમરસીમા ૬૦ થી વધારીને ૬૨ વર્ષ કરી દીધી છે.

# રાજ્યભરમાં હિટ વેવ

## હવામાન વિભાગ દ્વારા કામ વિના બહાર ન નીકળવા સુચના : આજે વિવિધ ભાગોમાં ગરમીનો પારો ૪૦-૪૧ ડિગ્રી રહેવાની શક્યતા

અમદાવાદ,તા.૩૦

આવનારા ૨૪ કલાકમાં અમદાવાદ સહિત ગુજરાતના સમગ્ર જિલ્લાઓમાં ગરમીને કહેર વરસવાની હવામાન વિભાગની આગાહી છે. આગામી ૨૪ કલાક દરમિયાન બનાસકાંઠા ,સાબરકાંઠાના વિસ્તારોમાં ગરમી વધવાની શકયતા છે. ૨૪ કલાક દરમ્યાન ઉત્તર ગુજરાતમાં હિટ વેવની હવામાન વિભાગે આગાહી કરી છે. અમદાવાદમાં ગરમીનો પારો ૪૦-૪૧ ડિગ્રી રહેવાની પણ વકી કરવામાં આવી છે.

**રાજ્યનું તાપમાન** સરેરાશ ૪૧ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે. હવમાન વિભાગે કરેલી આગાહી મુજબ, આગામી ૨૪ કલાક દરમિયાન બનાસકાંઠા, સાબરકાંઠાના વિસ્તારોમાં ગરમી વધવાની શકયતા છે. આ ૨૪ કલાક દરમ્યાન ઉત્તર ગુજરાતમાં હિટ વેવની આગાહી કરવામાં આવી છે.

**અમદાવાદનું તાપમાન** ૪૦ થી ૪૧ ડિગ્રી સુધી રહે એવી સંભાવના છે. આ ઉપરાંત હવામાન વિભાગે કામ વિના બહાર ન નીકળવા માટે લોકોને સૂચિત કર્યા છે.

**ગરમીને કારણે કેરીનો ફાલ** ખરી પડવાની સંભાવના વધી છે. સૌરાષ્ટ્રએ કેસર કેરીનું હબ ગણાય છે. દક્ષિણ ગુજરાતમાં પણ હાફૂસ સહિતની કેરીનો પાક ઉતરે છે. આ વર્ષે કેરીનો પાક ઓછો ઉતરે તેવી સંભાવના છે. તલાલા પંથકમાં પ્રતિકૂળ હવામાનનાં કારણે કેસર કેરીનો ૭૦થી ૮૦ ટકા પાક નાશ પામ્યો છે. જેથી તાકિદે કેસર કેરીના નાશ પામેલ પાકનો સર્વે કરાવીને ઉત્પાદક ખેડૂતોને નિષ્ફળ ગયેલા પાકનું વળતર આપવાની માંગણી કરતો ઠરાવ તાલાલા તાલુકા પંચાયતની સામાન્ય સભાએ સર્વાનુમતે પસાર કરી રાજ્ય સરકારમાં રજૂઆત કરાઈ છે. દર વર્ષે રાજ્યમાં ૧૨થી ૧૩ લાખ ટન કેરી પાકે છે. આ વર્ષે પણ ઉત્પાદન ૧૧ લાખ ટન આસપાસ રહેવાની શક્યતા છે. નિકાસમાંગ વધે તો ખેડૂતોને કેરીના ભાવ વધુ મળે તેવી સંભાવના છે.

**દેહ દઝાડતી ગરમીથી** બચવા માટે શરીર આખું કપડાથી ઢાંકીને બહાર નીકળવું, બપોરે કેરી અને ડુંગળી ખાવી, વરીયાળી સાથે ખડી સાકરનું શરબત પીવાથી ફાયદો થાય, ગુલાબ અને ખસનો વાળો નાખી માટલાનું પાણી પીવું, ગરમીથી બચવા પ્રવાહી લેવાનું પ્રમાણ વધારવાની સલાહ આપવામાં આવી છે તેમજ કોકમનું ગળપણ સાથેનું શરબત, લીંબુનો રસ અને જીરૂ પણ ગરમી સામે રક્ષણ આપે છે.

**જય જય જય હનુમાન ગોસાઈ, કૃપા કરો ગુરૂદેવકી નાઈ**



## સાંસદ તરીકે નિવૃત્ત થતાં પહેલાં તેંડુલકરનું જમ્મુ માટે ૪૦ લાખનું દાન

ન્યુ દિલ્હી,તા.૩૦

દિગ્ગજ ક્રિકેટર સિચન તેંડુલકરે સાંસદ સ્થાનિક ક્ષેત્ર વિકાસ એટલે કે સાંસદ નિધિ કોષમાંથી જમ્મુ-કાશ્મીરના કુપવાડા જિલ્લાના ઈમ્પિરિયલ એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ દુર્ગમુલ્લા સ્કૂલની બિલ્ડિંગના બાંધકામ માટે ૪૦ લાખ રૂપિયા આપ્યા છે. આપને જણાવી દઈએ કે આ ક્ષેત્રની એક સ્કૂલ ઈમ્પિરિયલ એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂટ દુર્ગમુલ્લાનું નિર્માણ ૨૦૦૭માં થયું હતું. તેમાં ધોરણ ૧ થી ૧૦ સુધી લગભગ ૧૦૦૦ વિદ્યાર્થી અભ્યાસ કરે છે. રાજ્યસભા તેંદુલકરના ફંડમાંથી આ સ્કૂલના ૧૦મા ધોરણના, ૪ પ્રયોગશાળા, પ્રશાસનિક બ્લોક, ૬ પ્રસાધન અને એક પ્રાર્થના હોલનું બાંધકામ કરાશે. આની પહેલાં તેંદુલકરે દક્ષિણ મુંબઈની એક સ્કૂલના રિનોવેશન અને નવા રૂમ બાંધવા માટે ફંડ આપ્યું હતું. એમપીલેડ ફંડમાંથી તેંડુલકર દેશના વિભિન્ન ભાગોમાં સ્કૂલ અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા ૨૦ પ્રોજેક્ટમાંથી ૭.૪ કરોડ રૂપિયાની રકમ આપી ચૂકયા છે.

# બિહારના નવાદામાં કોમી હિંસા



## મૂર્તિને નુકસાન કરાતા બે જૂથો આમને સામને હિંસા દરમિયાન દુકાનોમાં આગ અને વાહનો પથ્થરમારો

પટના, તા. ૩૦

રામ નવમી દ બિહારમાં શરુ થયેલી હિંસા હવે નવાદા સુધી પહોંચી ચુકી છે. માહિતી મળ્યા મુજબ શુક્રવારે સવારે સાંપ્રદાયિક હિંસા થઈ હતી. આ દરમિયાન ઔરંગાબાદમાં હિંસાના મામલે ધરપકડ કરાયેલ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા અનિલ સિંહ ગુરુવારે પોલીસ કસ્ટડીમાંથી ફરાર થવામાં સફળ રહ્યા હતા. સુત્રો પાસેથી મળતી મુજબ નવાદામાં બાઈપાસ નજીક એક ધાર્મિક સ્થળને ટાર્ગેટ બનાવવામાં આવ્યું હતું ત્યારબાદ હિંસાની શરૂઆત થઈ હતી. હિંસા દરમિયાન અનેક દુકાનોમાં આગચંપી અને વાહનો પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. સ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસને હવાઈ ફાયરિંગ કરવાની

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપ કાર્યકર્તાઓના હત્યારાઓને પાતાળમાંથી શોધી કાઢીશું : અમિત

## ૨૪ પૈકીની ૨૨ હત્યાઓ એક જ રીતે કરાઈ હોવા છતાં પોલીસ દ્વારા કોઈ પગલા લેવાયા નથી : ભાજપ સરકાર બન્યા બાદ ન્યાય થશે : અમિત શાહ

કર્ણાટક,તા.૩૦

ચૂંટણી રાજ્ય કર્ણાટકમાં ભાજપ અધ્યક્ષ અમિત શાહે રાજ્યની કોંગ્રેસ સરકારને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. શાહે રાજ્યની કોંગ્રેસના શાસનમાં ભાજપના બે ડઝનથી વધારે કાર્યકર્તાઓની હત્યાનો આરોપ લગાવતા કહ્યું હતુ કે, ભાજપ કાર્યકર્તાઓના હત્યારાઓને પાતાળમાંથી પણ શોધીને જેલમાં નાખીશું. શાહે કહ્યું હતું કે, સિદ્ધારમૈયા સરકારનો અંત નજીક છે અને ટુંક સમયમાં જ ભાજપ સરકાર બનતા અહીં ન્યાય થશે. અમિત શાહે કોંગ્રેસ સરકાર પર આરોપ લગાવતા કહ્યું હતુ કે, હત્યાઓનો જે સિલસિલો ચાલુ થયો છે, તેની હું નિંદા કરું છું. રાજનીતિમાં વિચારધારાઓના પ્રવાહમાં હિંસાને કોઈ જ સ્થાન નથી. જો કોંગ્રેસ એવુ માનતી હોય કે તે હિંસાના સહારે અમારી વિચારધારાને રોકી શકશે તો તે તેની ભુલ છે. ભાજપ અધ્યક્ષે કહ્યું હતુ કે, ભાજપના ૨૪થી વધારે કાર્યકર્તાઓની હત્યા થઈ છે. ૨૨ હત્યાઓ તો એક સરખી રીતે જ કરવામાં આવી છે. તેમ છતાં પોલીસે કોઈ જ પગલાં ભર્યા નથી. ઉપરથી હત્યારાઓને છોડાવવાનું કામ થાય છે. હત્યારાઓ ખુલ્લેઆમ ફરી રહ્યાં છે. તેઓને ફરીથી હત્યાઓ કરવાની તક આપવામાં આવે છે.

# ઘુસણખોરીના પ્રયાસમાં ખુંખાર ત્રાસવાદી ફુંકાયા

શ્રીનગર,તા. ૩૦

જમ્મુ કાશ્મીરમાં હાલમાં ઘુસણખોરીના પ્રયાસો પાકિસ્તાની ત્રાસવાદીઓએ વધારી દીધા છે જે સંકેત આપે છે કે, આગામી દિવસોમાં મોટા ત્રાસવાદી હુમલા થઈ શકે છે.હાલમાં ઘુષણખોરીના પ્રયાસમાં મોટી સંખ્યામાં ત્રાસવાદી ફુંકાયા છે. સેના અને સુરક્ષા દળો દ્વારા ખુબ આક્રમક વલણ અપનાવવામાં આવી રહ્યુ છે. જેના કારણે ત્રાસવાદીઓને સફળતા મળી રહી નથી.સંરક્ષણ પ્રવક્તાનું કહેવું છે કે, આ વર્ષે ઘુસણખોરીના ૨૮ પ્રયાસોને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવ્યા છે. ત્રાસવાદીઓ સતત હુમલા કરવાના ઈરાદા સાથે ઘુસણખોરી કરી રહ્યા છે. ભારતીય સેનાએ ગયા વર્ષે મે મહિનામાં પાકિસ્તાની બોર્ડ એક્શન ટીમના બે જવાનોને પણ મોતને ઘાટ ઉતારી દીધા હતા. સેનાના અધિકારીઓના કહેવા મુજબ પાકિસ્તાની સેના યુદ્ધ વિરામનો ભંગ કરીને હજુ પણ ગોળીબાર કરી શકે છે.

# આફ્રિકા-કેન્યાના વિકાસમાં કચ્છીનો મોટો ફાળો : મોદી

## કચ્છી આફતને અવસરમાં ફેરવી શકે છે : પૂર્વ આફ્રિકાના વિકાસમાં કચ્છી લેઉવા પટેલ સમાજના વિકાસનું પ્રદાન સવા સો વર્ષ જુનુ છે : વડાપ્રધાન મોદી

નવીદિલ્હી, તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે નૈરોબીમાં વસતા કચ્છી સમુદાયને વીડિયો કોન્ફરન્સથી સંબોધન કર્યુ હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કચ્છી ભાષામાં સંબોધનની શરૂઆત કરી હતી. કચ્છી ભાષામાં વડાપ્રધાને જયસ્વામિનારાયણ કહ્યું હતું. પૂર્વ આફ્રિકી દેશ કેન્યામાં નૈરોબીમાં શ્રી કચ્છી લેઉવા પટેલ સમાજના વેસ્ટ કોમ્પ્લેક્સના ૨૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સિલ્વર જ્યુબિલી સેલિબ્રેશનનું આયોજન કરવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## ૩૯ ભારતીયોના મૃતદેહ લેવા ૧ એપ્રિલે વીકે સિંહ ઈરાક જશે

ન્યુ દિલ્હી,તા.૩૦

મોસુલમાં આઈએસના હાથે માર્યા ગયેલા ૩૯ ભારતીયોના મૃતદેહ લેવા વિદેશ રાજ્યમંત્રી જનરલ વીકે સિંહ ૧ એપ્રિલે ઈરાક જશે. આ ભારતીયોની માર્યા ગયા હોવાની આશંકા જૂન ૨૦૧૪માં વ્યક્ત કરવામાં આવી હતી. તેની પુષ્ટિ હાલમાં જ વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે સંસદમાં કરી હતી. સુષ્માએ કહ્યું હતું કે, અમે ઈચ્છતા હતા કે દરેક રીતે આપણે સંતુષ્ટ થઈ જઈએ કે આવી કોઈ અનહોની થઈ છે.

ઈરાકના મોસુલ શહેરમાંથી ગયા વર્ષે આઈએસઆઈએસનો સફાયો થઈ ગયો હતો. તેનું એલાન થયાના બીજા જ દિવસે વિદેશ રાજ્ય મંત્રી વીકે સિંહ મોસુલ ગયા. તેઓએ ત્યાં ભારતીયોની શોધખોળનો પ્રયાસ કર્યો. ત્યાં કોઈ સફળતા ન મળી. ત્યારબાદ એક શખ્સે વીકે સિંહને જણાવ્યું કે બદૂશ શહેરમાં એક ટીલામાં ઘણી બધી લાશો દફન છે. ત્યારબાદ ભારતના રાજદૂત અને વીકે સિંહએ બદૂશમાં શોધખોળ હાથ ધરી. સિંહ અને તેમના અધિકારી બદૂશના એક ખંડેર જેવા મકાનમાં રોકાયા. તેઓ ત્યાં જમીન પર સૂઈ જતા હતા.

SWIGGY FOOD DELIVERY APP
ફુડ ડિલિવરી
WALK IN INTERVIEW
Gandhinagar & Ahmedabad
31 March to 8 April • સવારે ૯ થી સાંજે ૬
લેડીઝ / જેન્ટસ માટે નોકરીની ઉત્તમ તક
જોઈએ છે ફુલ / પાર્ટટાઈમ
ફુડ ડિલિવરી એક્ઝીક્યુટીવ
+ ₹ 1 LAC મેડિકલ ઈન્સ્યોરન્સ (ફેમીલી સાથે)
₹ 5 LAC એક્સિડેન્ટ ઈન્સ્યોરન્સ (અલગથી)
ઉંમર ૧૮ વર્ષ અને વધુ • સાયકલ - ટુ વ્હીલર
આધાર • એન્ડ્રોઈડ મોબાઈલ • પાનકાર્ડ જરૂરી
માસિક વેતન ૧૮,૦૦૦/- થી ૨૫,૦૦૦/- દર અઠવાડિયે અને મહિને ઈન્સેન્ટીવ
SWIGGY SNO Office to એ/૪૩૨ - ૪૩૪, ચોથો માળ. સુપર મોલ-૧, ઈન્ફોસીટી કોમ્પલેક્ષ, સેક્ટર-૧, ગાંધીનગર
બી-૩૦૪, વોલ સ્ટ્રીટ-૨, ગુજરાત કોલેજ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ Cont. : 07933685265

1 Day free Workshop
on
Career Guidance
Useful for B.Com / BBA and BE Graduate students
Date : 3rd APRIL 2018
Time : 09.30 AM to 03.00 PM
Registration : Free
: Venue :
Shri Jairambhai Patel institute of business management
Nr. Indroda Circle, Gandhinagar
Call on 9925450350 for registrations
WebSite : www.nicm.coop

જય કુળદેવી માતાય નમઃ | શ્રી ગણેશાય નમઃ | જય ગોગા
ખુશ ખબર
લોક લાગણીને માન આપી અમારી ત્રીજી શાખાનો કુડાસણ ખાતે શુભારંભ



ઘ-૨ વિરમગામવાળા
મહેન્દ્રકાકાની સોડાનો
ભવ્ય શુભારંભ
-: શુભ સ્થળ :-
રીલાયન્સ સર્કલ પાસે,
વાવ પાર્લરની બાજુમાં, કુડાસણ
દરેક કાઠીયાવાડી પીણાં અહી મળશે
પિયુષ મહેન્દ્રભાઈ જયસ્વાલ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

info City Club & Resort
SUMMER CAMP
HURRY UP!!
Starts 1st May, 2018
TENNIS | GYM | SWIMMING | CRICKET
Following are the rates for summer camp - 30 days, starting from 1st May 2018 :-
1. Swimming:- Rs 2000/ + 18% GST
Morning:- 8:00 am – 9:00 am
Evening:- 6:00 pm-7:00 pm
2. GYM :- Rs 1500 + 18% GST
Age : 10 years to 16 years
Evening:- 5:30 pm – 7:00 pm
3. Lawn Tennis:- Rs 1500 + 18% GST
Morning:- 8:00 am – 9:00 am
Evening: 6:00 pm- 7:00 pm
4. Cricket:- Rs 1500 + 18% GST
Age : 5 years to 13 years
Evening:- 5:30 pm – 7:00 pm
* Limited Batches
* Flexible Timing
If any parents/guardian would like to continue with the activities after the summer Camp, then they need to buy the membership of the club.
TRAINING AND GUIDANCE BY CERTIFIED COACHES
CALL : +91 99099 06372
Infocity Club & Resort, CH-0 Indroda Circle, S.G. Highway, Gandhinagar - 382 009.
www.infocityclub.net
" SAY NO TO TOBACCO "
* Terms & Conditions Apply